# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - PRGI NO. MAHBIL/2021/80571

iVol. No. 24 ❖ Issue : 09 ❖ Pages : 40 ❖ - MARCH - 2026 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-


**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ સંચાલિત તથા**
**સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**



## સમાજ સાથેની પરસ્પરની સાંકળતી કડી બની અદ્‌ભુત સંપર્ક સેતુ સાંધતી પત્રિકા
## આપણા સમાજનું ગૌરવ ઝાલાવાડ જૈન દર્શન પત્રિકાનો સુવર્ણજયંતી અંક

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈ તેમજ સંઘની વિશાળ શાખાઓ એટલે કે અનેક પરા મંડળો, મહિલા મંડળો, યુવા મંડળો સાથે ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ફાઉન્ડેશન, ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, ઝાલાવાડ બિઝનેસ ફોરમ વગેરેનો સંપર્ક સેતુ બની મહત્વની ભૂમિકા અદા કરતી આપણા સમાજની પત્રિકા **'ઝાલાવાડ જૈન દર્શન'** આપણા સમાજનું ગૌરવ છે.

આપણા સમાજનું મુખપત્ર એટલે આપણા સમાજની માસિક પત્રિકા **'ઝાલાવાડ જૈન દર્શન'** એ એક સફળ યાત્રાનાં ૫૦ વર્ષ પુરા કરેલ છે. જે આપણા સમાજ માટે ગર્વ સમાન છે. પત્રિકાનાં ૫૦ વર્ષનાં આ સુવર્ણજયંતી વર્ષને વધાવવા સાથે તેની ઉમળકાભેર ઉજવણી કરવાનાં આયોજન રૂપ શ્રી સંઘ તરફથી પત્રિકાનો જૂન માસનો અંક **સુવર્ણજયંતી અંક** તરીકે પ્રકાશિત કરવામાં આવનાર છે. જેમાં શ્રી સંઘનાં ઈતિહાસ સાથે દામોદર વાડી, સમુહ લગ્ન ઉજવણી, વિશિષ્ટ આયોજન રૂપ ઈવેન્ટો, સમારોહ, કાર્યક્રમો, એવોર્ડ અર્પણ સન્માન, શ્રી સંઘ શતાબ્દી વર્ષ ઉજવણી વગેરે તેમજ ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ફાઉન્ડેશન, ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, ઝેડ.બી.એફ. સર્વે અને મંડળો વગેરેની પ્રવૃતિઓ - માહિતીઓને પ્રકાશિત કરવામાં આવનાર છે.

પત્રિકાની શરૂઆતથી આજદિન સુધી સેવાઓ પ્રદાન કરનાર તંત્રીશ્રીઓ, સહતંત્રીશ્રીઓ, સંપાદકશ્રી વિશે જણાવીને પત્રિકાની વિકાસ ગાથા પ્રકાશિત કરવામાં આવનાર છે. આ એક અવસરે આપણા ઝાલાવાડ સમાજ સંઘનાં ઈતિહાસમાં સુવર્ણ પાનું અંકિત થશે. આપણા શ્રી સંઘનાં ૪૫૦૦ પરિવારો માટે દિશા સૂચક બની રહેશે. **સુવર્ણજયંતી અંક** માટેનાં આ વિશેષ આયોજનમાં હોદેદારો, સંચાલકો, કારોબારી સભ્યો વગેરે સહયોગી બનીને અંદાજીત ૧૦૦ પેઈજનો અંક પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ભગીરથ અનુપમ કાર્યમાં સમાજનાં સર્વે સભ્યો સાથ સહકાર આપી જોડાશે તેનો વિશ્વાસ છે. આપ સૌ કોમર્શીયલ જાહેરાત માટે ચોક્કસ સહકાર આપશો. શ્રી સંઘનાં આ પ્રગતિ - ઉત્કર્ષ કાર્ય સાથે વિકાસ ગાથાને ધબકતી રાખવામાં સાથ સહકાર સાથે ઉમદા સહયોગી બની રહેશો.


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

## ૯૦ મા જન્મ દિવસ નિમિત્તે વધામણાં







ફાઉન્ડેશન ફાઉન્ડર ચેરમેન - ચેરમેન એમિરેટ્સ

**સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ**

જન્મ દિવસ તા. ૧૯-માર્ચ

લાડીલા મુરબ્બી વડીલ શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહે ઝાલાવાડ જૈન સમાજ તથા જૈનેતર સમાજમાં સેવાના કાર્યોની સુવાસ ચારે કોર ફેલાવી છે. તે સુવાસ ફક્ત ઝાલાવાડ પુરતી જ સેવા માર્યાદિત ન રાખતાં, જૈન સમાજની અન્ય સંસ્થાઓમાં પણ ઉચ્ચ હોદ્દાઓ ઉપર હજી પણ તેઓ ૯૦ વર્ષે પણ જુવાનોને પણ શરમાવે તે રીતે કાર્યરત છે. જે આપણા માટે પ્રેરણામૂર્તિ છે...

શતાયુ ભવ...

મંજુલા ચીનુભાઈ હિંમતલાલ શાહ ટ્રસ્ટ તરફથી રૂા.૨,૦૮,૦૦૦/-
વર્ષ ૨૦૨૫-૨૬માં કેળવણી ખાતે અનુદાન મળેલ છે...
ખુબ ખુબ ધન્યવાદ સહ આભાર સ્વીકાર...

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન- મુંબઈ.**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**
-: ચેરમેન એપેક્ષ :-
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ
-: પ્રમુખ :-
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ
-: ઉપપ્રમુખ :-
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ
-: મંત્રી :-
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ
-: સહમંત્રી :-
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ
-: ખજાનચી :-
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ
-: સહ ખજાનચી :-
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ
-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર - કારો.કમીટી :-
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ
-: ટ્રસ્ટીશ્રીઓ :-
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ
-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

વહીવટી ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯
કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦
મો. : ૯૧૩૭૩૪૨૮૧૮
ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮
ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહ. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહ તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મુલ્ય રૂા.૩/-
Email :
zalawadjainsangh@gmail.com
Website :
www.zalawadjainsangh.org

-: મુદ્રક :-
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪

## તંત્રી સ્થાનેથી....

**'સગપણ' આજની સળગતી સમસ્યા....**

ઝાલાવાડ જૈન સગપણ સેતુ વોટ્સઅપ ગ્રુપ સરૂ કર્યાને દોઢ વર્ષ પુરૂ થયું આ સગપણ સેતુ ના માધ્યમ થી ઘણા પરિવારના યુવક-પુવતી ના સગપણ થયા ને પ્રભુતમાં પગલા પાડી સંસારીક જીવન શરૂ કરેલ છે. છતા ૧૯૯૫ પહેલા જન્મ થયા હોય તેવા યુવક-યુવતી ની સંખ્યા ઘણી છે. આ પ્રશ્ન દરેક માતા-પિતા એ વિચારવોનો છે.

આવુ શા કારણે ?, મારા દોઢ વર્ષના અનુભવમાં દરેક માતા-પિતા કે પુત્ર-પુત્રી બાંધ છોડ કરવા તૈયાર નથી. ૩૦ વર્ષથી વધારે ઉંમર થાય પછી ઘણીજ તકલીફો જાવા મણી છે. કેટલા માતા-પિતા કંટાળી ને કહે છે. કોઈ બતાવો હવે અમારે ૩૧ વર્ષ થઈ ગયા છે. ફોન આવતા નથી.

અમે ફોન કરીએ તો હા પાડતા નથી, ખાનદાન-સંસ્કારી કુંટુબ હોય,ઉચ્ચ શિક્ષણ હોય તો પણ જો યોગ્ય સમયે યોગ્ય પાત્ર મળી જાય તો વિચાર ન કરવો જોઇએ અને વધારે સારે ઉમેદવારો જોવાની અપેક્ષામાં ઉંમર વધીજાય છે. પસંદગીનું ક્ષેત્ર ઘણુજ નાનું થઇ જાય છે. આજના ઉચ્ચ શિક્ષણ મેળવેલા યુવક-યુવતી ની અપેક્ષા ખુબજ હોવાથી શ્રેષ્ઠ પસંદગી પાત્ર મળે તોજ કરવું છે. તે સ્વભાવિક છે. પરતું ઉંમર વધતીજાય તો શ્રેષ્ઠ પાત્ર નસીબ માં નથી મળતું, ઝાલાવાડ સગપણ સેતુ ૩૦ વર્ષથી મોટી ઉંમરનો ૫૦ ટકાથી વધારે ઉમેદવોરો છે.

આવું શામાટે? આ પ્રશ્ન નો જવાબ દરેક માતા-પિતા પાસે છે. આ બાબત માં માતા-પિતા એ ગંભીરતા થી વિચારવું જોઇએ....

### શું વાંચશો ? આ અંકમાં.....


- ❖ શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામ-ધ્વજારોહણ ફોટા અને અહેવાલ
- ❖ ચાતુર્માસ પેકેજ ઝાલાવાડ યાત્રિકભવન-પાલીતાણા
- ❖ સમાજરત્ન શ્રી ચિનુભાઈ હિંમતલાલ શાહને જન્મદિવસની શુભેચ્છા
- ❖ ઝાલાવાડ ફાઉન્ડેશન
- ❖ ઝાલાવાડ મંડળ સાયન-માટુંગા-વડાલા-દાદર વાર્ષિક કાર્યક્રમ ફોટા અને અહેવાલ
- ❖ ઝાલાવાડ મંડળ અંધેરી વાર્ષિક કાર્યક્રમ ફોટા અને અહેવાલ
- ❖ ઝેડ.બી.એફ. તલાશ કાર્યક્રમ ❖ લગ્ન વિષયક-બાયોડેટા
- ❖ જન્મ દિવસ- લગ્ન દિવસ શુભેચ્છા, ❖શુભવેવિશાળ
- ❖ વ્હાલા ની વસમી વિદાય, ❖શ્રદ્ધાંજલી
- ❖ પરા મંડળ, મહિલા મંડળ અહેવાલ, સમાચાર
- ❖ શ્રી સંઘ સાધર્મિક ભક્તિ ફોર્મ વિષે
- ❖ યાત્રિકભવન બ્લોક ભાડા માર્ચ થી જૂન
- ❖ વ્યક્તિ વિશેષ પ્રતિભા શ્રી ધીરૂભાઈ એમ.શેઠ
- ❖ ઝાલાવાડ સગપણ સેતુ વોટ્અપ ગ્રુપ રીન્યુઅલ (એપ્રિલ થી સપ્ટે.)

# શ્રી ઝાલાવાડજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ

**સંચાલિત**

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ**

**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**

**હઃશ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ શાહ (લીંબડી - ઘાટકોપર - મુંબઈ)**

**યાત્રિક ભવન - પાલીતાણા**

**ટ્રસ્ટી ઈન્ચાર્જ : અરવિંદભાઈ કે. શાહ ❖ કન્વીનર : શૈલેષભાઈ વી. શાહ**

## સંવત ૨૦૮૨ ના ચાર્તુમાસની આરાધના

આગામી સંવત ૨૦૮૨ ચાર્તુમાસની આરાધના કરવા માટે બ્લોક ફાળવવામાં આવશે. જે માટેની અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૧/૦૫/૨૦૨૬ ને સોમવાર બપોરે ૩.૦૦ વાગ્યા સુધી મોકલી આપવાની રહેશે. ત્યારબાદ અરજી સ્વીકારવામાં આવશે નહીં. અરજી મંજૂર થયે તા. ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ મોબાઈલથી જણાવવામાં આવશે.

આપણા વિતેલા વર્ષોના અનુભવ પછી આ વર્ષે ચાર્તુમાસ પેકેજ નીચે મુજબ નક્કી કરેલ છે.

તા. ૨૭/૦૭/૨૦૨૬ - અષાઢ સુદ ૧૩- સોમવાર થી તા. ૧૬/૦૯/૨૦૨૬- ભાદરવા સુદ ૫ - બુધવાર ગુરૂવાર સવારે તા. ૧૭/૦૯/૨૦૨૬ - ચેક આઉટ

**ચાતુર્માસ ૫૨ દિવસ**

<u>ભાવ પત્રક</u>

| | | | |
|---|---|---|---|
| ૫ બેડ એ.સી. | રૂા.૬૦,૦૦૦/- | ૫ બેડ નોન એ.સી. | રૂા.૩૦,૦૦૦/- |
| ૨ બેડ એ.સી. | રૂા.૩૫,૦૦૦/- | ૨ બેડ નોન એ.સી. | રૂા.૧૫,૦૦૦/- |
| ૪ બેડ એ.સી. | રૂા.૪૮,૦૦૦/- | | |
| ૩ બેડ એ.સી. | રૂા.૩૬,૦૦૦/- | | |

ઝાલાવાડી પરિવારને પ્રાથમિકતા આપવામાં આવશે. દરેક પરિવારે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા વિનંતી છે.

૧. ચાતુર્માસની અરજી કરનાર દરેક સભ્યોએ અરજી સાથે નીચે પ્રમાણેની રકમ ડિપોઝીટ તરીકે ભરવાનાં રહેશે

| | | | |
|---|---|---|---|
| ૫ બેડ એ.સી. | રૂા.૧૦,૦૦૦/- | ૫ બેડ નોન એ.સી. | રૂા. ૮,૦૦૦/- |
| ૨ બેડ એ.સી. | રૂા. ૪,૦૦૦/- | ૨ બેડ નોન એ.સી. | રૂા. ૩,૦૦૦/- |
| ૪ બેડ એ.સી. | રૂા. ૮,૦૦૦/- | | |
| ૩ બેડ એ.સી. | રૂા. ૬,૦૦૦/- | | |

૨. જે સભ્યોને બ્લોક ફાળવવામાં આવશે તેમણે ડીપોઝીટની રકમ બાદ કરી બાકીની રકમ અઠવાડીયામાં ભરવાની રહેશે.

૩. જે સભ્યોને બ્લોક ફાળવવામાં નહી આવ્યા હોય તેમને ડીપોઝીટની રકમ પાછી આપવામાં આવશે.

૪. જે સભ્યોને બ્લોક ફાળવવામાં આવશે પણ બાકીની રકમ નહીં ભરે અને બ્લોક કેન્સલ કરાવશે તો તેમની ડીપોઝીટની રકમ પાછી આપવામાં આવશે નહી.

૫. અરજીમાં ચાતુર્માસ માટે રહેવા જનાર વ્યક્તિનું નામ, ગામ, ઉંમર, મો.નંબર અને ઓળખપત્ર, કાયમી બીમારીની વિગત વિગેરે આપવાના રહેશે. આપેલા નામ સિવાય અન્ય કોઈ વ્યક્તિ બ્લોકમાં રહી શકશે નહી. (બ્લોક ફાળવ્યા બાદ રકમ ભરતી વખતે નિયત ફોર્મ ભરવાનું રહેશે) જેમના નામે અરજી કરવામાં આવશે તેમણે જવું ફરજીયાત રહેશે.

૬. આપણા યાત્રિક ભવનમાં ચાતુર્માસ કરનાર દરેક આરાધકે આપણી ભોજનશાળામાં જમવાનું ફરજિયાત રહેશે.

૭. ચાતુર્માસ કરનાર આરાધકના મહેમાનો આપણા યાત્રિકભવનમાં ઉતરશે તો તેમણે પણ યાત્રિક ભવનમાં ચાતુર્માસના નિયમ મુજબ ચાર્જ ભરી જમવાનું ફરજિયાત રહેશે.

૮. એકાસણા બિયાસણા તથા છૂટા મોંઢે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

૯. જમવાની નકારો નિયમ મુજબ રાખવામા આવેલ છે. જે આરાધકો ચાતુર્માસ કરવા આવો ત્યારે ભરવાની રહેશે.

૧૦. દરેક આરાધકે ૫૨ દિવસની રકમ એડવાન્સમાં ભરવાની રહેશે તથા વરસીતપ કરનારે જમવાની રકમ ભરલાની રહેશે. શ્રી સંઘ કમિટીએ નક્કી કર્યા મુજબ છુટ્ટામોંઢે જમવાના / એકાસણા / બિયાસણા નો નકારો ફરજીયાત ભરવાનો રહેશે.
એકાસણા રૂા. ૧૦,૦૦૦/-(૫૨ દિવસના)
બિયાસણા રૂા. ૧૫,૦૦૦/- (૫૨ દિવસના)
છુટ્ટામોંઢે રૂા. ૧૭,૬૮૦/- (૩૪૦/- એક દિવસ મુજબ જેમાં નવકારશી / બપોરનું ભોજન / ચોવિહાર)

૧૧. એકાસણા / બિયાસણા / છુટ્ટા મોંઢે જમવાના સમય માટે યાત્રિક ભવન વ્યવસ્થાપક સમિતી દ્વારા જે વ્યવસ્થા નક્કી કરેલ છે તે મુજબ યાત્રિકો, તપસ્વીઓને વ્યવસ્થા જાળવવા માટે નિયમોને અમલ કરવો.

૧૨. જમવાની રકમ જે સમય સુધી ભરી હશે પણ તે સમય દરમ્યાન વ્યક્તિ વચ્ચેથી જશે તેમને જમવાની રકમ પરત આપવા માં આવશે નહી. તેમજ ચાતુર્માસ દરમ્યાન અન્ય તપશ્ચર્યા અથવા અન્ય કોઈ કારણસર ભોજનશાળામાં જમશે નહીં તેમને પણ જમવાની રકમ પાછી આપવામાં આવશે નહીં. ફક્ત જે વ્યક્તિ અઠ્ઠમ અથવા તેનાથી ઉપર સળંગ ઉપવાસ કરશે તે દિવસોની રકમ પરત કરવામાં આવશે.

૧૩. જે દાતા પરિવારોએ ગયા વર્ષે પોતાના હક્ક વાપરેલ નથી પરંતુ આ વર્ષે વાપરવા માંગતા હશે અને હક્કની રૂએ બ્લોકની જરૂરિયાત હશે અને તેઓ પોતે પરિવારજનો સાથે ચાતુર્માસ આરાધના કરવા ઈચ્છા ધરાવતા હશે તો પ્રથમ હક્ક આપવા માં આવશે. હક્કનો પત્ર સહી કરી અરજી સાથે મોકલવો જરૂરી છે.

૧૪. જે દાતા પરિવારોએ ગયા વર્ષે પોતાના હક્ક વાપરેલ નથી પરંતુ આ વર્ષે હક્ક વાપરવા માંગતા હશે અને હક્કની રૂએ પોતાના પરિવારજનો સિવાય કોઇ અન્યને લાભ આપવા માંગતા હશે તો તેમને બીજો ચાન્સ આપવામાં આવશે. હક્કનો દાતાનોપત્ર અરજી સાથે સહી કરી મોકલવો ફરજિયાત છે.

૧૫. બ્લોકમાં રહેવાનો નકરો :- ચાતુર્માસ પેકેજ તારીખ ૨૭/૦૭/૨૦૨૬ અષાઢ સુદ ૧૩ સોમવાર થી તા. ૧૬/૦૯/૨૦૨૬ ભાદરવા સુદ-૫ બુધવાર સુધી શ્રી સંઘે નક્કી કર્યા પ્રમાણે આપવાનો રહેશે. કોઈ કારણસર ક્યારેક વ્યક્તિ વધારે થાય તો રૂા. ૧૦૦/- વ્યક્તિદીઠ પ્રતિદિવસના લેવામાં આવશે. (અ) ચાતુર્માસ દરમ્યાન બ્લોક ફક્ત ધાર્મિક પ્રવૃતિઓ અને ધર્મ આરાધના માટે જ ફાળવવામાં આવશે. (બ) દરેક બ્લોકમાં વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ રહી શકશે.

૧૬. દાતા પરિવારની અરજી આવ્યા પછી બ્લોક વધતાં હશે. તો આવેલ અન્ય અરજીમાંથી ડ્રો કરવામાં આવશે. ઝાલાવાડી પરિવારને અગ્રતાક્રમ આપવામાં આવશે.

૧૭. હક્કની રૂએ ઝાલાવાડી પરિવાર સિવાય અન્ય કોઈ નોન ઝાલાવાડી પરિવારની અરજી આવી હશે અને ચાતુર્માસ માટે બ્લોક ફાળવવામાં આવ્યો હશે તો તેનો નકરો પેકેજના ૨૦% ટકા વધારીને આપવાનો રહેશે.

૧૮. ઝાલાવાડી પરિવારોને આપણા યાત્રિકભવનમાં બ્લૉક ન મળે અને જો અન્ય યાત્રિકભવનમાં ચાતુર્માસ કરતા હોય તો આવા પરિવારના વધારેમાં વધારે દશ વ્યક્તિઓની આપણી ભોજનશાળામાં વહેલા તે પહેલાંના ધોરણે જમવાની વ્યવસ્થા રવામાં આવશે. પણ તેમણે તેનો ચાર્જ નક્કી કરેલ નિયમ મુજબ પ્રતિ દિવસ લેખે એકમહિનાના સાથે ભરવાના રહેશે.

૧૯. આ વર્ષે બીજા ભાગનું ચાતુર્માસ પેકેજ રાખેલ નથી પરંતુ જેમણે બીજા ભાગનું ચાતુર્માસ ચાલુ રાખવું હોય અથવા જેટલા દિવસ ચાલુ રાખવું હોય તેમણે તેટલા દિવસનો નકરો દરરોજના હિસાબે એટલે કે સાદા બ્લોકના અને એ.સી.બ્લોકના નક્કી કરેલ દરથી રકમ ભરવાની રહેશે. બાકીના નિયમો પ્રથમ ભાગના ચાતુર્માસ મુજબ લાગુ રહેશે.

૨૦. શ્રી સંઘના રૂમ કેન્શલેશન ના નિયમો ચાર્તુમાસ પેકેજ ના કેન્શલેશન મા પણ લાગુ પડઈં.

નોંધ : જે યાત્રિકો ચાતુર્માસ દરમ્યાન નજીકમાં પણ ચાર-છ દિવસ માટે યાત્રિકો દર્શનાર્થે જાય ત્યારે ચાવી સોંપીને જવાનું રહેશે જેથી ઈમરજન્સી થાય ત્યારે તકલીફ ન પડે. આ બાબતનું અવશ્ય ધ્યાન આપવા વિનંતી.

# શ્રી ઝાલાવાડી જૈન શ્વેતાંબર મૂર્તીપૂજક સંઘ-મુંબઈ

### શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધના ધામ - પાલીતાણા
### ધ્વજારોહણ-યાત્રિક ભવન વર્ષગાઠ મહોત્સવ

જે પ્રસંગની ઘણા દિવસથી રાહ જોઈ રહ્યા હતા તે દિવસ એટલે યાત્રીક ભવનની ૨૧ મી વર્ષગાંઠ અને આદિનાથ રત્નત્રય જિન પ્રસાદ ની ૧૭ મી વર્ષગાંઠ નો દિવસ મહા સુદ-૫ એટલે કે વસંત પંચમીનો શુભ દિવસ યાત્રિક ભવન કમિટીના કન્વીનર શ્રી અરવિંદભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી મુકેશભાઈ સાથે સ.ર. શ્રી દિલીપભાઈ ટ્રસ્ટી શ્રીઓ તથા હોદ્દેદારો તારીખ ૨૧-૧-૨૦૨૬ ના રોજ યાત્રીક ભવનની પાલીતાણા ખાતેપહોંચી ગયા હતા અને કાર્યક્રમના દરેક પાસાની ચકાસણી કરી આખરી ઓપ આપ્યો હતો યાત્રિક ભવન અને જિનાલય ને રોશની દ્વારા તેમજ ફૂલોથી શુશોભિત કરવા દ્વાર શણગારવા આવ્યું હતું ૪ કલરની સુંદર આમંત્રણ પત્રિકા દ્વારા આ પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ શ્રી સંઘ તરફથી તેમજ ચતુર્થ તૃતીય વર્ષના ધજાના લાભાર્થી પરિવાર શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ, મુળી નિવાસી હાલ ગોરેગાવ મુંબઈ તરફથી મોકલવામાં આવ્યું હતું.

લાભાર્થી પરિવાર સ્વજનો આમંત્રિત મહેમાનો સાથે તા. ૨૨-૧-૨૦૨૬ ને ગુરૂવારે સવારે ધોળા જંકશન થી બસ દ્વારા યાત્રિકભવન પાલીતાણા ખાતે પધાર્યા હતા. તેમને આવકારવા માટે શ્રી અરવિંદભાઈ, શ્રીશૈલેષભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી કુમારભાઈ, શ્રી જયેન્દ્રભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી ગીરીશભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી દિપકભાઈ ગાંધી વગેરે તૈયાર હતા. પધારેલા દરેકનું ઢોલ નગારા સાથે સાફા અને પાઘડી પહેરાવી ખૂબ જ આનંદથી અને ઉલ્લાસપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું અને શ્રી સંઘ દ્વારા તિલક કરીને રૂપિયા ૧૦/- નું સંઘ પૂજન કરવામાં આવેલ હતું.

સવારની નવકાશી કરીને એક બીજાને હળતા મળતા અને પ્રભુ દર્શન પૂજા વગેરે કરીને બપોરના ભોજનને ન્યાય આપ્યો હતો. બરાબર ૧૨:૩૯ કલાકે પ્રભુજી ના ૧૮ અભિષેક નો મંગલ પ્રારંભ થયો હતો. ધીમે ધીમે લાભાર્થી પરિવારસાથે આમંત્રિત મહેમાનો પણ જોડાવા લાગ્યા હતા અને ૧૮ અભિષેકના વિધાનો વિધિકાર શ્રી ભાવેશભાઈ અને શ્રી સંગીતકાર શ્રી નિલેશભાઈ બારોટના સંગીતના સૂરોના સથવારે વાતાવરણ ભક્તિની રંગતથી મહેકવા લાગ્યું હતું પરમ પૂજ્ય ગુરુ ભગવંત શ્રી રિંકારયશ વિજયજી મ.સા. આદી ઠાણા પણ પધાર્યા હતા આ અને દરેકને ધર્મલાભ આપ્યા હતા. આ પ્રસંગે જીવદયા ની ટીપ કરતા રૂપિયા ૯૭,૫૩૩/- ની માતબર રકમ ભેગી થઈ હતી. આપણા શ્રી સંઘ દ્વારા તદ્દન નવી જ ખરીદેલી ૧૦૮ દિવા ની દિવાની આરતી નો શુભારંભ કર્યો હતો. આ રીતે આનંદ અને ઉલ્લાસપૂર્વક ભક્તિના રંગે ૧૮ અભિષેક પૂર્ણ થયા હતા ત્યારબાદ બપોર ની ચા અને સાંજનો ચોવિહાર ભોજન માટે સૌ પધાર્યા હતા અને દરેકને રાત્રે ભાવનામાં બરાબર ૮:૦૦ કલાકે પધારવાની વિનંતી કરવામાં આવેલ.

આજના સંપૂર્ણ દિવસના ત્રણેય ટાઈમના ભોજન ના લાભ ૪ પરિવારો એ લીધેલો હતો અને ધ્વજારોહણ ના સંપૂર્ણ દિવસના ત્રણેય ટાઈમ ના ભોજન નો લાભ ધ્વજારોના લાભાર્થી પરિવારે લીધો હતો.રાત્રે ૮:૦૦ કલાકે નમસ્કાર મહામંત્ર સંગીતકાર શ્રી નિલેશભાઈ બારોટ અને સાથી કલાકારો એ ભાવનાની શરૂઆત કરી હતી રાત જામતી જતી હતી તો સાથે સાથે ભક્તિના રંગમાં પણ જમાવટ થતી જતી હતી સુંદર અને જાણીતા ભક્તિગીતો સ્તવનો ના ગાનમાં સૌ લીન થઈ ગયા હતા અને મન મૂકીને નાચ્યા પણ હતા સંગીતના સુરો વહેતા રહ્યા સમય સરકતો ગયો બે કલાક જેવા સમય ક્યાં પસાર થઈ ગયો તેનો ખ્યાલ જ ના રહ્યો સમયની પાબંદીને ધ્યાનમાં રાખીને બહુમાન નો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ.

સંઘ સેકેટરી શ્રી ગીરીશભાઈ એ માઈક સંભાળતા સંઘ પ્રમુખશ્રીને પધારેલા દરેકનું સ્વાગત કરવા વિનંતી કરી હતી પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ મીઠો આવકાર આપવા દ્વારા દરેકનું સ્વાગત કર્યું હતું અને ધજા નું મહત્વ સમજાવ્યું હતું ધજાનો લાભ ભાગ્યશાળી પરિવારોને જ મળે છે. લાભાર્થી પરિવારના આ સુકૃતની અનુમોદના કરી હતી. અને આમંત્રણ ને સ્વીકારીને અહીંયા પધારવા બદલ સૌનો આભાર માન્યો હતો. ત્યારબાદ બહુમાન ના દોર ને આગળ ચલાવતા ચતુર્થ તૃતીય વર્ષના ધજા લાભાર્થી શ્રીમતી સરોજબેનમહેન્દ્રભાઈ વૃજલાલ શાહ પરિવાર ના શ્રી મહેન્દ્રભાઈ અને શ્રીમતી સરોજબેન ને સ્ટેજ ઉપર પધારવાની વિનંતી કરી હતી શ્રી મહેન્દ્રભાઈનું બહુમાન સ.ર. શ્રી દિલીપભાઈ તેમજ સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ દ્વારા કંકુ તિલક માળા અને શાલ દ્વારા કરવામાં આવેલ તેજ રીતે શ્રીમતી સરોજબેન નું પણ બહુમાન શ્રીમતી ભામીનીબેન અને શ્રીમતી કોમિલાબેન દ્વારા કંકુ તિલક અને શાલ દ્વારા
કરવામાં આવેલ. એને હાજર રહેલા દરેક તાલી ઓથી વધાવ્યા હતા આગળ વધતા શ્રી ગીરીશભાઈ એ જણાવ્યું હતું કે આપણા સંઘની જ બહુમૂલ્ય અસ્ક્યામતો છે.

૧) દામોદરવાડી : જે સમાજના મધ્યમવર્ગના લોકો માટે તેમજ મદદરૂપ થવાના ઉદ્દેશ થી બનાવેલી છે.

૨) યાત્રિકભવન : જે પાલીતાણા જેવા શાશ્વત તિર્થમાં પધારતા યાત્રીકોની સુવિધા માટે બનાવવામાં આવી છે. જેમાં સમયે સમયે અદ્યતન સુધારા વધારા થઈ રહ્યા છે

૩) આદિનાથ રત્નત્રય જિન પ્રસાદ : શાશ્વતા આ તીર્થમાં પ્રભુનું આલંબન પૂર્ણ સમય મળતું રહે એ હેતુથી નિર્માણ કરેલ છે.

૪) નૂતન ઓફિસ : શ્રી સંઘના સુચારૂ વહીવટ સંચાલન માટે એક વર્ષ પહેલાજ નવી બનાવવામાં આવી છે સંઘની આ ચારેય

અસ્કયામતો ના ભવિષ્યના પ્લાન તેમજ શ્રી સંઘ દ્વારા ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યો વિષે પોતાના વિચારો જણાવતા સ.ર. શ્રી દિલીપભાઈ એ જણાવેલ કે આપણે શ્રી સંઘને ખૂબજ વિકાસ ના પંથે લઈ જવો છે. જૂનાગઢમાં ધર્મશાળા બનાવવાનો વિચાર છે. કરજત જેવા એરિયામાં સમાજ માટે સેનેટોરીયમ સાથે રીસોર્ટ બનાવવાની યોજના છે. દરેક સાધર્મિક પરિવારોને ઉપર લાવીને સમાજનો ઉત્કર્ષ કરવો છે. શિક્ષણ ક્ષેત્રે તબિબી સહાયના ક્ષેત્રે તે તલાશ ક્રિકેટ મેચ જેવા આયોજન દ્વારા યુવાનોની એકતા માટે અને તેમની કાર્ય ક્ષમતા બહાર લાવવા માટે શ્રી સંઘ અને સંલગ્ન સંસ્થાઓ દ્વારા આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ, સંઘપતિ પરિવારે જે આ ઉત્તમ લાભ લીધો છે. તેની હું અનુમોદના કરું છું તેમજ સંઘના દરેક કાર્યોમાં તેમનો સહકાર મળતો રહે છે તે બદલ તેમનો આભાર માનું છું. સ.ર. શ્રી દિલીપભાઈ ની દિલની વાતો જાણ્યા બાદ બહુમાન કાર્યક્રમ આગળ વધાર્યો હતો.

તારીખ ૨૨-૧-૨૦૨૬ ના ત્રણે ટાઈમના ભોજન ના ચાર (૪) લાભાર્થી પરિવારોનું બહુમાન કંકું તિલક અને માળા દ્વારા કરવામાં આવેલ.

| લાભાર્થી પરિવાર | શ્રી બહુમાન કરનારા |
|---|---|
| શ્રીમતી ભામીબેન દિલીપભાઈ શાહ | શ્રીમતી હર્ષાબેન પ્રકાશભાઈ |
| શ્રીમતી કોમીલાબેન મહેન્દ્રભાઈ શાહ : સંઘ પ્રમુખ | શ્રીમતી ઈલાબેન જયેન્દ્રભાઈ |
| શ્રીમતી કલ્પનાબેન પ્રકાશભાઈ શાહ : ટ્રસ્ટીશ્રી | શ્રીમતી હેમાબેન મુકેશભાઈ ગાંધી |
| સી શ્રી બિપીનભાઈ રતિલાલ વોરા : ટ્રસ્ટીશ્રી | અનિવાર્ય સંજોગોને લીધે આવી શકેલ ન હતા |
| ❖ તારીખ ૨૩-૧-૨૦૨૬ ના ત્રણેય ટાઈમના ભોજન ના લાભાર્થી | |
| શ્રી કેયુરભાઈ - મોનાબેન - દિયા | શ્રી કુમારભાઈ વર્ષાબેન |
| શ્રી હર્નિષભાઈ | સ.ગૌ.શ્રી અરવિંદભાઈ |
| ❖ શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહના | |
| શ્રી મયંકભાઈ હર્ષાબેન (ભાઈ - ભાભી) | શ્રી ગિરીશભાઈ શ્રી નિલેશભાઈ - શ્રીમતી જ્યોતિબેન બી.આર. શાહ |
| શ્રી વિરેંદ્રભાઈ (બનેવી) | શ્રી શૈલેષભાઈ |
| શ્રી જયેશભાઈ - લતાબેન (બનેવી) | શ્રી દિપકભાઈ ગાંધી - કું. દેવાંશી કેતનભાઈ |
| શ્રી વસંતભાઈ કલ્યાણજી પારેખ (વેવાઈ) | સ.ર. શ્રી દિલીપભાઈ - શ્રી મુકેશભાઈ શાહ |
| શ્રી હર્ષદભાઈ કલ્યાણજી પારેખ (વેવાઈ) | સ.ર. શ્રી દિલીપભાઈ - શ્રી મુકેશભાઈ શાહ |
| ❖ આ પ્રસંગે મહેમાનોમાં ૭ વરસીતપ ના તપસ્વી પધાર્યા હતા તેઓનું પણ બહુમાન કરવામાં આવેલ | |
| શ્રી ગૌતમભાઈ પ્રવિણચંદ્ર શાહ | શ્રી જીતુભાઈ ગોવનજીભાઈ શાહ |
| શ્રીમતી મોનાબેન કેયુરભાઈ શાહ | શ્રીમતી ભામીનીબેન દિલીપભાઈ શાહ |
| શ્રીમતી જીજ્ઞાબેન ગૌતમભાઈ શાહ | શ્રીમતી કોમિલાબેન મહેન્દ્રભાઈ શાહ |
| શ્રીમતી દિપાલીબેન જીગ્નેશભાઈ પારેખ | શ્રીમતી વર્ષાબેન કુમારભાઈ શાહ |
| શ્રીમતી રૂપાબેન સંજયભાઈ દોશી | શ્રીમતી કલ્પનાબેન પ્રકાશભાઈ શાહ |
| શ્રીમતી મીનાબેન જયેશભાઈ દોશી | શ્રીમતી હેમાબેન દીપકભાઈ ગાંધી |
| શ્રીમતી ભારતીબેન છેડા | શ્રીમતી ઈલાબેન જયેન્દ્રભાઈ શાહ |

લાભાર્થી પરિવારો વતી શ્રી મહેન્દ્રભાઈએ પ્રતિસાદ આપતા જણાવેલ કે અમારા પરિવારોને આ લાભ આપવા બદલ શ્રી સંઘના આભારી છીએ આમંત્રણ ને માન આપીને આપ સર્વે પધારી પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરવા બદલ આપના આભારી છીએ. આ પ્રસંગને યાદગાર બનાવવા માં જેમનું મુખ્યયોગદાન રહ્યું છે એવા યાત્રિક ભવન કન્વીનર સ.ગૌ. શ્રી અરવિંદભાઈ તથા શ્રી શૈલેષભાઈ સંઘ મંત્રી શ્રી ગીરીશભાઈ -શ્રી નિલેશભાઈ, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ તથા ટ્રસ્ટીશ્રીઓ શ્રી કુમારભાઈ,પ્રકાશભાઈ, જયેન્દ્રભાઈ અન્ય કમિટિ મેમ્બરો દરેકનો આભાર માનું છું. આ કાર્યક્રમના સફળ આયોજનમાં જેમનું ઉપયોગી માર્ગદર્શન રહ્યું છે એવા ચેરમેન અપેક્ષ સ.ર. શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ નો અમારો પરિવાર આભાર માને છે. આ પ્રસંગે ૪૮૦ ગ્રામ ની ચાંદીની ચેન સ્વપ્ન ઉતારવા તેમજ ૧૦૮ દિવાની આરતી શ્રી સંઘને લાભાર્થી પરિવારે અર્પણ કરી હતી ત્યારબાદ ચડાવા પ્રભુની વધાઈ આરતી અને મંગળ દિવા સાથે આજની ભાવના પૂર્ણ થઈ હતી.

દિવસ ૨ : સુદ-૫, ૨૩-૧-૨૦૨૬ સવારે પ્રભુ દર્શન - પૂજા કરી નવકારશી ને ન્યાય આપી સહુ તૈયાર થઈધ્વજારોહણ માટે પધાર્યા હતા, પૂજ્ય ગુરુ ભગવંતો નું સામૈયું વાજતે વાગતે કરવામાં આવેલ સંતરભેદી પૂજા વિધિકાર અને સંગીતકાર ના સુરો સાથે ચાલુ હતી. નવમી પૂજા આવતા ગુરુ ભગવંતો શ્રી રિંકારયશ વિજયજી મ.સા. આદી ઠાણા વાસક્ષેપ દ્વારા અને શ્રાવક - શ્રાવિકાઓ એ અક્ષત થી ધજાના વધામણા કર્યા હતા.

ત્યારબાદ ધજાની આરોહણની વિધિનો પ્રારંભ થયો હતો. ઓમ પુણ્યા હં પુણ્યા હં પ્રિયંતામ પ્રિયંતામના નારા સાથે અવાજ

બુલંદ થઈ રહ્યો હતો. સવારે ૯:૪૫ કલાકે ઢોલ અને ડંકા સાથે ધજા ચડાવવામાં આવી હતી. ગુરૂભગવંતોને બૃહદ શાંતિનું પઠન કરેલ અને હિતશિક્ષા આપી હતી ત્યાર બાદ સહુ પ્રભુ પૂજા-ગિરિરાજ સ્પર્શના વગેરે કરી બપોરના ભોજન માટે પધાર્યા હતા. ભોજન દરમિયાન રૂપિયા ૫૦૦/- નું સંઘપૂજન કરવામાં આવેલું હતું બપોરની ચા અને સાંજના ચોવિહાર બાદ ફરી એક વખત યાત્રિક ભવન નાં પ્રાંગણમાં રાત્રે ૮:૦૦ કલાકે ભક્તિના ભાવના માટે પધાર્યા હતા. આજની ભાવના સંઘપતિ પરિવારના સ્વજન વર્ષીતપ ના તપસ્વીશ્રી ગૌતમભાઈ પ્રવીણભાઈ ભણાવવાના હતા. તેમના મધુર સ્વર અને બુલંદ કંઠે સૌ ને સ્તબ્ધ કરી દીધા હતા, લગભગ ૨:૩૦ કલાક સુધી અસ્ખલીત સ્તવનો ગાવા દ્વારા સૌને ભાવુકકરીને સહુના દિલ જીતી લીધા હતા, ભક્તિના રસમાં રંગાઈને સૌએ મન મૂકી ને પ્રભુભક્તિમાં નૃત્ય કર્યું હતું વાતાવરણ અદભૂત ઊભુ થયુ હતું, આરતી-મંગળદિવાના ચઢાવાની સારી ઉપજ થઈ હતી. લાભાર્થી પરિવાર દ્વારા ગૌતમભાઈનું બહુમન કરવામાં આવેલ,

દિવસ ૩ : મહા સુદ-૬, તા ૨૪-૧-૨૦૨૬ ને શનિવારે સવારના ૬:૦૦ કલાકેબે બસ દ્વારા લાભાર્થી પરિવારના સ્વજનો અને આમંત્રિત મહેમાનો નો ઘોઘા તીર્થ ની સ્પર્શના માટે જવા રવાના થયા હતા અને ત્યાંથી મહુવાતીર્થ થઈને રાત્રે મહુવા-બાંદ્રા ટ્રેન દ્વારા મુંબઇ જવા રવાના થયા હતા.

આજ રીતે અન્ય આમંત્રીતો અને હોદ્દાદારો કમિટી મેમ્બરો પરિવાર સાથે સવારે નવકારશી યાત્રીક ભવન માં ફરીને શત્રુંજય ડેમ ના જિનાલાયે દર્શન કરીને તળાજા તિર્થે પહોંચ્યા હતા. ત્યાં બિરાજમાન સાચા સુમતિનાથ પ્રભુની ભાવભક્તિ પૂર્વક દર્શન-પૂજા-સ્તવના કરી હતી, ત્યારબાદ ત્યાં ભોજનશાળા માં બપોરનું ભોજન લઈને બપોરે ૩:૦૦ કલાકે ઘોઘા તિર્થમાં પહોંચ્યા હતા ત્યાં દરેકે દર્શન-પૂજા-સ્તવના કરવા દ્વારા પુણ્યનું ભાથું બાંધ્યું હતું અને ત્યાંથી સિધા ભાવનગર જંકશન પહોચીને ભાવનગર-બાંદ્રા ટ્રેન દ્વારા મુંબઈ જવા રવાના થયા હતા આવી સુંદર યાત્રા કરાવવા બદલ સર્વે એ લાભાર્થી પરિવારોની અંતરથી અનુમોદના કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો.

આમ પ્રભુભક્તિના સુંદર માહોલમાં ત્રણ દિવસ ક્યાં વિતી ગયા ત્યાં એની મધુરી યાદમાં સૌને નિંદ્રાદિન થઈને સવારે સ્વસ્થાને પહોંચી ગયા હતા.

| **શ્રી ઝાલાવાડ જૈન. શ્વે. મૂ.પૂ. સંઘ-મુંબઇ<br>સંચાલિત: શ્રી આદિનાથ રત્નત્રય આરધના ધામ<br>યાત્રિક ભવન પાલિતણા** | **ખુશખબર... ખુશખબર... ખુશખબર...** |
|---|---|
| **ઉપરોકત શ્રી સંઘ સંચાલિત પાલિતણા યાત્રિક ભવનમાં ગ્રીષ્મઋતુ (ઉનાળા વેકેશન)માં રાહત દરે બ્લોકનું બુકિંગ કરાવી સિધ્ધાચલ ગિરિરાજની યાત્રાનો લાભ લઇ શકો છો.<br>૧૬ માર્ચ ૨૦૨૬ થી ૧૫ જુન ૨૦૨૬ સુધી<br>ઉમાસ માટે બ્લોકના ઘટાડેલા દર<br>એ.સી રૂમ. ૨/૩ બેડ: રૂ. ૬૦૦/-<br>નોન એ.સી. રૂમ. ૨ બેડ: રૂ. ૨૦૦/-<br>એ.સી. રૂમ. ૪/૫ બેડ: રૂ. ૧૦૦૦/-<br>નોન એ.સી. રૂમ. ૫ બેડ: રૂ. ૪૦૦/-<br>સમાજના સભ્યોને ઉપરોકત યોજનાનો લાભ લેવા વિનંતી.** | એલોપેથિક દવાના પ્રિસ્ક્રિપ્શન પર<br>૩૦% ડિસ્કાઉન્ટ * ફ્રી હોમ ડિલિવરી<br><br>પ્રિસ્ક્રિપ્શન વગર કોઈ પણ દવા આપવામાં આવશે નહિ. દવાનો ઓર્ડર કરશો પછી ૨૪ થી ૪૮ કલાક માં ડીલીવર થશે, પેમેન્ટ કેશ થી અથવા **ONLINE** કરવાનું થશે(નો ક્રેડિટ કાર્ડ પેમેન્ટ )<br><br>**મેડિસિન મંગાવવા માટે યોગ્ય પ્રિસ્ક્રિપ્શન અને ઝાલાવાડ કાર્ડ<br>(અપલોડ કરવા માટેનો નંબર)**<br>૯૦૦૪૫૯૦૭૨૫/ ૯૦૮૨૩૦૮૫૬૯<br>**મહેન્દ્ર સી.શાહ : ૯૩૨૨૭૨૮૨૨૨**<br><br>ઉપરોકત યોજના દેરાવાસી જૈનો માટે છે. |

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તીપૂજક સંઘ-મુંબઇ

## શ્રીમતી હીરાબેન મહાસુખલાલ જગજીવનદાસ પારેખ
## હ : શ્રીમતી સુનીલાબેન કમલેશભાઇ પારેખ પરિવાર
(લીંબડી નિવાસી હાલ ઘાટકોપર)

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ મુંબઈની સમાજ પ્રત્યેની વિવિધ સામાજીક / ધાર્મિક સેવાઓથી આપ માહિતગાર છો. આપ જેવા ઉદાર દિલ દાતા પરિવારોનાં ઉમદા આર્થિક સહયોગથી આપણા સમાજના જરૂરીયાતમંદ પરિવારો સુધી જરૂરી સહાય / સહયોગ અવિરતપણે પહોંચી શકેલ છે.

આપના પરિવાર તરફથી શ્રી સંઘમાં ધાર્મિક શિક્ષણ કાયમી ઈનામી ફંડ ખાતે સહયોગ પ્રાપ્ત થયેલ છે, તેના માટે ટ્રસ્ટીગણ, હોદ્દેદારો તથા કમીટી સભ્યો આપ સૌનો આભાર માને છે. ભવિષ્યમાં પણ આપના પરિવાર તરફથી શ્રી સંઘની પ્રવૃતિઓમાં સમયાનુસાર સહયોગ મળતો રહેશે એવા વિશ્વાસ સાથે શુભ ભાવના ભાવીએ છીએ.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ**
**મહેન્દ્ર સી. શાહ - પ્રમુખશ્રી**

**સ્વ. નમિષાબેન પરેશભાઈ શાહ (બોટાદ, હાલ માટુંગા) ની દ્વિતીય પુણ્યતિથિ (મહા વદ-૮ ) નિમિતે નીચે મુજબ ની ભેટ મળેલ છે.**

| | | | |
|---|---|---|---|
| કેળવણી, | રૂ.૫૦૦/-, | સાધર્મિક ભક્તિ - | રૂ.૫૦૦/-, |
| સાધારણ - | રૂ.૫૦૦/-, | પત્રિકા | રૂ.૫૦૦/-, |
| સમૂહ લગ્ન | રૂ.૫૦૦/-, | તબીબી | રૂ.૫૦૦/-, |
| તપશ્ચર્યા | રૂ.૫૦૦,/- | જીવદયા | રૂ.૫૦૦/-, |
| ભોજનશાળા | રૂ. ૫૦૦/-, | યાત્રિકભવન | રૂ.૫૦૦/-, |

કુલ રૂ. ૫૦૦૦/- શ્રી સંઘ ને ભેટ મળેલ છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂ.પૂ. મંડળ-અંધેરી
## ૪૬ મો વાર્ષિકોત્સવ સ્નેહ મિલન સમારંભ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મંડળ અંધેરીનો તાજેતરમાં ૪૬ મોં વાર્ષિકોત્સવ નો સુંદર કાર્યક્રમ ગીત-સંગીતની મહેફિલ, સ્ટેન્ડઅપ કોમેડી, તપસ્વીઓનું બહુમાન, તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન તથા મંડળના ખાસ સભ્યોનો બહુમાન સાથે તારીખ ૧૮-૨-૨૦૨૬ રવિવારના રોજ કિશનચંદ વાલેચા સભાગૃહ જુહુ ખાતે યોજવામાં આવેલો હતો.

સોનેરી સવારની પ્રસન્નતા સાથે સવારના ૮:૩૦ કલાક આસપાસ મંડળના સભ્ય પરિવારોજનો પધારી રહ્યા હતા, સૌના આગમન અને ઉત્સાહથી એક આનંદમય વાતાવરણનો માહોલ જામ્યો હતો. મંડળની કમિટીના સભ્યો સર્વશ્રી હરીશભાઈ શાહ, શ્રી યશવંતભાઈ કઠોરી, શ્રી અજીતભાઈ બગાડીયા વગેરે રિસેપ્શન કાઉન્ટર ઉપર સર્વેને આવકારી ચા-કોફી અને નાસ્તા માટે હોલમાં પધારવાનું કહી રહ્યા હતા. નવકારયશી પૂર્ણ થયા બાદ દરેક જણ મુખ્ય હોલમાં ગોઠવાય રહ્યા હતા.

સવારના ૯:૩૦ કલાકે શ્રીમતી હેમાબેન ગાંધી અને પાયલબેન ગાંધી પ્રસ્તુત અને સાથી કલાકારોનાં સંગે નવકારમંત્રનાં નાદ સાથે ગીત-સંગીતનો સુંદર મ્યુઝિકલ કાર્યક્રમ રજૂઆત કરેલ, ત્યારબાદ આ કાર્યક્રમ માટે સુરતથી ખાસ પધારેલા ખૂબજ જાણીતા એવા પ્રખ્યાત ગુજરાતી કોમેડીયન શ્રી નૌષાદ કોટડીયા એ આજની તણાવભરી જિંદગીમાં હાસ્યરસ સાથે સતત એક કલાક સુધી સમગ્ર પ્રેક્ષકગણ ને ખૂબ જ હસાવીને વાતાવરણ એકદમ હળવું કરી દીધું હતું. બરાબર ૧૧:૩૦ કલાકે મંડળના મંત્રી શ્રી દર્શનભાઈ શાહે સૌને મીઠો આવકાર આપી, ભાવભીનું સ્વાગત કરી કાર્યક્રમનો સ્ટેજ શો ની સુંદર શરૂઆત કરી હતી.

સમારંભ પ્રમુખ સમાજરત્ન શ્રી દિલીપભાઈ ખીમચંદભાઈ શાહ, સમારંભ અતિથી વિશેષ સમાજરત્ન આદરણીય શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ, શ્રી રાજેશભાઈ સી.ગાંધી, તથા મુગટભાઈ એમ. શાહ પધારી શોભામાં અભિવૃદ્ધી કરેલ.

આ ઉપરાંત અન્ય મહાનુભવોમાં મંડળ એવંમ સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ, સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ, સંઘ ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ આર. શાહ, પાર્લા મંડળ ભુ. પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ કામદાર, સંઘ ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ યુ. શાહ, મંડળના ઉપપ્રમુખ શ્રી અતુલભાઇ પરીખ, સ્થાનકવાસી સભાના શ્રી સી. વી. શાહ પેરેડાઇઝ, ઝેડ.બી.એફ. ના સેક્રેટરી શ્રી રાહુલભાઈ સંઘવી તથા તમામ પરા મંડળનાં પદાધિકારીઓ, યુવા મંડળના પદાધિકારીઓ, શ્રી સંઘ તથા ફાઉન્ડેશનના બધા હાદેદારો ઉપરાંત મહિલા મંડળના પધાધીકારી પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. સ્ટેજ શોના કાર્યક્રમોની શુભ શરૂઆત કરતા મંડળનાં ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ શાહે મંડળના ૪૬ માં વાર્ષિકોત્સવ માં સૌને મીઠો આવકાર આપી અંધેરી મંડળના ઇતિહાસમાં સૌપ્રથમ વખત અંધેરી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહની શ્રી ઝાલાવાડી સંઘ-મુંબઈના પ્રમુખ પદે નિમણૂક થયા સમગ્ર અંધેરી મંડળ પરિવારજનો ગૌરવ મહેસુસ કરી રહ્યા હતા. તેમણે આ ગૌરવભણી ક્ષણો દરમિયાન શ્રી મહેન્દ્રભાઈ નો પરિચય આપી શ્રી મહેન્દ્રભાઈ અને એમના સમગ્ર પરિવારોને ઢોલ-નગારા સાથે, મંડળના સમગ્ર કમિટી સભ્યો સાથે માનપૂર્વક સ્ટેજ ઉપર આવવા આમંત્રણ આપેલ સમગ્ર હોલમાં હાજર તમામ સભ્યોએ પણ માનપૂર્વક આવકાર આપેલ અને સમગ્ર મંડળમાં નાં ગૌરવ માં અભિવૃદ્ધિ કરેલ. સ્ટેજ ઉપર શ્રી મહેન્દ્રભાઈનું બહુમાન સમાજરત્નશ્રી દિલીપભાઈ, સમાજરત્ન શ્રી ચીનુભાઈ નાં વારદ હસ્તે કરેલ, જેના પ્રુત્યુતરમાં શ્રી મહેન્દ્રભાઈએ કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

કાર્યક્રમને આગળ વધારતા મંડળના ઉપપ્રમુખ/ટ્રસ્ટી શ્રી કિરણભાઈ શાહે આજના સમારંભ પ્રમુખ,ઝાલાવાડ જૈન સંઘના મુંબઇ ચેરમેન-અપેક્ષ, સમાજ રત્ન શ્રી દિલીપભાઈ ખીમચંભાઈ શાહ ને આમંત્રીત કરી તેમનું ઉમદા બહુમાન કર્યું હતું, શ્રી દિલીપભાઈ એ જણાવેલ કે અંધેરી મંડળ સાથે લગભગ છેલ્લા બે દાયકાઓ થી વધુ સમયનો નાતો રહ્યો છે. આ મંડળે હંમેશા શ્રી સંઘનાં દરેક કાર્યોમાં ઉત્તમ સહયોગ આપેલો છે. આજે પણ શ્રી સંઘનું મુખ્ય કમિટી માં અંધેરી મંડળનું ત્રણથી વધુ સભ્યોનું યોગદાન છે. અને આશા વ્યક્ત કરી હતી કે તે આજ રીતે અંધેરી મંડળ નું યોગદાન આપતું રહેશે.

ત્યારબાદ આજના અતિથિ વિશેષ, ઝાલાવાડ ફાઉન્ડેશન ચેરમેન -એમીરેટસ, સમાજરત્ન શ્રી ચિનુભાઈ હિંમતલાલ શાહને આમંત્રિત કરી તેમનું ઉમદા બહુમાન કર્યું હતું. શ્રી ચીમનભાઈ એ પણ મંડળની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી અને મંડળના વિકાસ માટે શુભાષિસ આપેલ હતા.

કાર્યક્રમને આગળ ધપાવતા, મંડળના સેક્રેટરી શ્રી દર્શનભાઈ તથા મંડળના કમિટી શ્રી નિષિતભાઈ એ આપણા મંડળના સભ્ય, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી કિરણભાઈ શાહ ઝાલાવાડ સમાજ ૪ મુખ્ય સંસ્થાઓમાં તેમના યોગદાન વિશેની તેમની વિશિષ્ટ શૈલીઓ ની છણાવટ કરી, શ્રી કિરણભાઈ શાહ અને પરિવાર સહિત સ્ટેજ ઉપર આમંત્રિત કરી ''પ્રાઈજ ઓફ ઝાલાવાડ'' ની ટ્રોફી આપી બહુમાન કર્યું હતું જેના પ્રત્યુતરમાં શ્રી કિરણભાઈએ સમગ્ર મંડળનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ આપણા મંડળ ના ફાઉન્ડર મેમ્બર, છેલ્લા ૪૦ વર્ષથી અવિરંત સેવા આપી રહ્યા છે. એવા શ્રી દિપકભાઈ ગાંધીનો આગવી શૈલીમાં પરિચય આપી, જેમની સેવાઓ માત્ર અંધેરી મંડળ પુરતી જ નહીં પરંતુ ઝાલાવાડના કોઈપણ સંસ્થા હોય ત્યાં તેમનું અચૂક યોગદાન હોય જ તેવા શ્રી દિપકભાઈ ની આ દિર્ઘ સેવાનું યોગ્ય બહુમાન કરવા તેમને સમગ્ર પરિવારનો ઢોલ-નગારા નાદ સાથેસમગ્ર ટ્રસ્ટી મેમ્બર્સ તથા હોલમાં બિરાજમાન તમામ સભ્યોનો તાળીઓના સાથે સ્ટેજ ઉપર આમંત્રિત કરી 'લાઈફ-ટાઈમ એચીલમેન્ટ એવોર્ડ' થી ખૂબ જ ઉમદા બહુમાન કરેલું હતું. સમગ્ર

અંધેરી મંડળ માટે આ ગૌરવ ક્ષણો હતી કે આજે એમના દિર્ઘ યોગદાન નું બહુમાન થઈ રહ્યું હતું સમગ્ર પરિવાર પણ ભાવુક બનીને આ ક્ષણોને નિહાળી રહ્યા હતા અને સુપુત્ર શ્રી વિરાજે મંડળને સારી રકમ ની યોગદાનની પણ જાહેરાત કરી હતી.

ત્યારબાદ આજના અતિથિ વિશેષ સાયન-માટુંગા મંડળ ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ સી. ગાંધીને આમંત્રિત કરી તેમનું ઉમદા બહુમાન કરેલ જેના પ્રત્યુત્તર માં શ્રી રાજેશભાઈ ગાંધીએ જણાવેલા કે આજનાં કપરાકાળમાં જે વ્યક્તિ સમય ની કિંમતને સમજે છે તે વ્યક્તિ સામાજિક કાર્યોમાં સફળ થાય છે. તેમણે મંડળને ખૂબ જ શુભેચ્છાઓ પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો.

આગળ આજનાં બીજા અતિથી વિશેષ, અંધેરી મંડળનાં જ સભ્ય, મંડળનો આઈ.પી.પી. અને આદરણીય વડીલ એવા શ્રી મુગટભાઈ માણેકલાલ શાહ નો પરિચય આપી સ્ટેજ ઉપર આમંત્રિત કરી તેમનું ઉમદા બહુમાન કરેલ. જેના પ્રત્યુતરમાં શ્રી મુગુટભાઈએ જણાવેલું કે મેં છેલ્લા ઘણા વર્ષ થી આ મંડળમાં અવિરતી સેવા આપી છે, પરંતુ આજના યુવાનોને હવે આ તક મળે અને મંડળના વિરાસતને સાચવે તથા મંડળ ઉત્તરે-ઉત્તર ખૂબજ પ્રગતિ કરે એટલે યુવાનોનાં હાથમાં મંડળની દોર આપેલ છે. મંડળ ખૂબ જ પ્રગતિ કરે એવિખૂબજ શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા હતા.

છેલ્લે સ્ટેજ ઉપર વિરાજમાન સર્વે મહાનુભવોનું બહુમાન તથા પધારેલ તમામ આમંત્રિતો નું બહુમાન મંડળના કમિટી મેમ્બર્સ સર્વ શ્રી કૈલાશભાઈ પરીખ, શ્રી નિષિતભાઈ, શ્રી દર્શનભાઈ, શ્રી નીતિનભાઈ પરીખ વગેરે દ્વારા કરવામાં આવેલ. આ સાથે શ્રી દર્શનભાઈ દ્વારા તાજેતરમાં યોજાયેલા યાત્રા પ્રવાસના તમામ સંઘપતિઓને આમંત્રણ આપી દરેકોનું ખૂબજ સરસ રીતે બહુમાન કરેલ ઉપરાંત આવતા વર્ષનો પ્રવાસ માટે પણ સંઘપતી નું આહવાલ કરતાં ઘણા પરિવારો જોડાઈ ગયા હતા. છેલ્લે આભાર વિધિ મંડળના સેક્રેટરી શ્રી શૈલેષભાઈ વી.શાહ કરવામાં આવી હતી જેમાં ખાસ તો અંધેરી મંડળના તમામ ટ્રસ્ટી મેમ્બર્સ જેમની ટીમ-વર્કની ભાવના થી આખોય કાર્યક્રમ સફળ થયો હતો તે માટે ખૂબજ સંતોષ વ્યત કરેલ હતો. છેલ્લે સુંદર જમણવાર તરફ સૌ આગળવધી આનંદ સાથે છૂટા પડ્યા હતા.

**શ્રી ઝાલાવાડ જૈન.મૂ.પૂ.સંઘ-મુંબઈ**
**કાયમી પ્રેરકદાતા ખેરવા નિવાસી હાલ દાદર - મુંબઈ**
**માતુશ્રી મંજુલાબેન ખીમચંદ છગનલાલ શાહ**
**સહાયકદાતા ચોટીલા નિવાસી હાલ ગોરેગામ - મુંબઈ**
**માતુશ્રી ઈન્દીરાબેન નરેશભાઈ હીરાલાલ દેસાઈ**

## સાધર્મિક ભક્તિ યોજના

આપણા શ્રી સંઘ તરફથી કાયમી ધોરણે ચાલતી સાધર્મિક ભક્તિ યોજનાના માધ્યમથી મુંબઈમાં રહેતા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને માસિક ધોરણે દર વર્ષે ભક્તિ કરવામાં આવે છે.

આગામી વર્ષ ૨૦૨૬/૨૭ (તા.૧-૪-૨૬ થી ૩૧-૩-૨૭) માટે જે પરિવારોને આ સહાયની જરૂરિયાત હોય તેઓએ શ્રી સંઘ દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મ ભરવાનું છે. નવા વર્ષ માટેની સાધર્મિક ભક્તિ સહાય યોજનાના ફોર્મ તા.૧૬-૩-૨૦૨૬ થી તા.૧૫-૪-૨૦૨૬ સુધી નીચે જણાવેલ સ્થળેથી મળી શકશે. જરૂરિયાતવાળા પરિવારે આ ફોર્મ સંપૂર્ણ વિગતો લખી શ્રી સંઘની ઓફીસ અથવા નીચે જણાવેલ સ્થળોએ આપવાનું રહેશે. આ ફોર્મ ...
તા.૩૦-૪-૨૦૨૬ સુધીજ સ્વીકારવામાં આવશે.

(૧) ઝાલાવાડ સંઘ ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મા માળે,
ઓલ્ડ પોલીન લેન, રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૬૯.
સમય : ૧૧.૩૦ થી ૫.૩૦ મો.: ૯૧૩૭૩૪૨૮૧૮
(રવિવાર તથા રજાના દિવસ સિવાય)

(૨) શ્રી ખીમચંદ છગનલાલ શાહ માનવ સેવા ટ્રસ્ટ સી-૧, તીર્થંકર દર્શન,
ગ્રાઉન્ડ ફ્લોર, બાવન જીનાલય પાસે, ભાયંદર (વેસ્ટ), મો.: ૯૮૬૯૦૪૦૧૫૦

(૩) ડોંબીવલી : કમલેશભાઈ શાહ - ૯૮૬૯૩૬૩૨૦૫

આ ફોર્મ સાથે નીચે જણાવેલ પ્રમાણ પત્રોની ઝેરોક્ષ કોપી બીડવાની રહેશે જેની ખાસ નોંધ લેશો.

- ❖ શ્રીસંઘ ઓળખપત્ર (આઈ કાર્ડ)
- ❖ રેશન કાર્ડ (પહેલા - છેલ્લા પાના)ની
- ❖ ઈલેક્ટ્રીક બીલ
- ❖ ફ્લેટ મેન્ટેનેન્સ બીલ/રશીદ (છેલ્લી હોય તે)
- ❖ આયુષ્યમાન કાર્ડ
- ❖ લીવ લાઈસન્સ એગ્રીમેન્ટ (ભાડાનું ઘર હોય તે માટે)
- ❖ આધાર કાર્ડ
- ❖ નોકરી કરતા હોય તેનું પ્રમાણ પત્ર (પ્રુફ)
  ઓરીજીનલ સેલરી સર્ટીફિકેટ / આય. ટી. રીટર્ન કોપી
- ❖ ચેકની ફાટોકોપી અથવા કેન્સલ ચેક
- ❖ કાયમી બીમારી રહેતી હોય તો ડોક્ટરનું સર્ટીફિકેટ
  (રોજ દવા લેતા હોય તેના માટે)

ડીજીટલ ઝાલાવાડ મો.: ૯૦૭૬૩૪૨૮૧૮
ઉપરના ચેટબોટ નંબર પર હાય.. પ્રણામ લખીને મોકલવું
અને ફોર્મ ડાઉનલોડ કરવું.


Estd.-1931
**J. LALDAS & Company**
507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259
33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com
Jaquar experience bathing | Artize | Jaquar WATER HEATERS | CISTERNS

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting
I. B. Shah
ENTERPRISE
C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.
Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

## શ્રી ઝાલાવાડી જૈન શ્વે.મૂ.પૂ. મંડળ – બોરીવલી

ઉપરોક્ત મંડળ દ્વારા વર્ષ ૨૦૨૫ માં જેઓ એ મંડળની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવેલ હતું તેઓ કુલ ૩૬ તપસ્વીઓ હતા જેમાં ૩ – માસક્ષમણ, ૧ – વીસ ઉપવાસ, ૪ – સોળ ઉપાસ, ૨ – અગિયાર ઉપવાસ, ૨ – દસ ઉપવાસ, ૨૦ – અઠ્ઠાઈ, ૧ – સાત ઉપવાસ, ૧ – છ ઉપવાસ, ૧ – ક્ષીર સમૂહ, તથા ૧ એકોતર મી આયંબિલ ની ઓળી કરનાર દરેક તપસ્વીઓનું મંડળ દ્વારા કવર આપીને બહુમાન કરવામાં આવેલ. તેવી જ રીતે જેમણે ધાર્મિક શિક્ષણ ની પરીક્ષા આપી હતી, તેવા કુલ ૩૧ ભાઈ બહેનોનું કવર આપીને બહુમાન કરવામાં આવેલ. તેવી જ રીતે રમત-ગમતમાં જે બાળકોએ ભાગ લીધો હતો તેવા કુલ ૫ બાળકોનું કવર આપીને બહુમાન કરવામાં આવેલ.

શિક્ષણ માં કુલ ૭૭ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવેલ હતું તેમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. ના બાળકોને પહેલું, બીજું અને ત્રીજું ઇનામનું વિશિષ્ટ કવર આપીને બહુમાન કરવામાં આવેલ. બાકીનાં બાળકોને કોન્સોલેસન ના કવર આપીને બહુમાન કરવામાં આવેલ જે બાળક ને પહેલું, બીજું અને ત્રીજું ઇનામ લાગે છે તે બાળકોના નામ નીચે મુજબ છે.

એસ.એસ.સી.

૧) પહેલું ઇનામ : આર્યન જીગર શાહ ૯૭.૦૦% બોરીવલી

૨) બીજું ઇનામ : મુથા તુષાર શાહ ૯૪.૦૦% ભાયંદર

૩) ત્રીજું ઇનામ : વૃષ્ટિ પ્રતીક શાહ ૯૦.૮૦% ભાયંદર

એચ.એસ.સી.

૧) પહેલું ઇનામ : કેયા તેજસ મહેતા ૯૪.૩૦% બોરીવલી

૨) બીજું ઇનામ : લબ્ધી અજય શાહ ૯૧.૮૩% વસઈ

૩) ત્રીજું ઇનામ : કિયા રૂપેશ શાહ ૮૭.૧૭% ભાયંદર

આ રીતે તપસ્વી, ધાર્મિક શિક્ષણમાં પરીક્ષા આપનાર, રમતગમતમાં ભાગ લેનાર,તથા સ્કૂલ કોલેજ માં ભણતા દરેક વિદ્યાર્થીઓનું દરેક પરા વિભાગનાં સેન્ટર ઉપર થી બહુમાન કવર આપવામાં આવેલ.

જેમ કે બોરીવલી દહીસરમાં મંડળના કાર્યાલય માંથી કવર આપવામાં આવેલ તેમાં ઈનામી વિતરણના કન્વીનર શ્રી મનીષભાઈ, શ્રી અલ્પેશભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી જયેશભાઈ, શ્રી પ્રદીપભાઈ, શ્રી દિનેશભાઈ તથા સંઘ મંત્રી શ્રી મિતેશભાઇ તથા શ્રી અલ્પેશભાઈ ના સુપુત્ર ચિ. કલ્પેશભાઈ એ ઇનામી વિતરણમાં ખૂબ જ સુંદર સાથ સહકાર આપેલો હતો તે બદલ દરેકનો મંડળનો હૃદય પૂર્વક આભાર માને છે.

મીરા રોડમાં શ્રી મિતેશભાઇ શાહ તથા સંજયભાઈ ઇનામી વિતરણનાં બહુમાન નાં કવર આપીને સુંદર કાર્ય કર્યું હતું તે બદલ મંડળ ખૂબ ખૂબ આભાર માને છે.

ભાયંદરમાં શ્રી મુકેશભાઈ તથા પ્રકાશભાઈ મહેતા જેવો કમિટી સભ્યો ન હોવા છતાં યે ઇનામી વિતરણમાં બહુમાન નાં કવર આપીને મંડળને સુંદર સાથ સહકાર આપેલો તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

વસઈમાં શ્રી નિર્મલભાઇ પણ કમિટી સભ્ય ન હોવા છતાં ઇનામી વિતરણમાં બહુમાન નાં કવર તેમની દુકાનેથી આપીને મંડળને ખૂબ જ સુંદર સાથ સહકાર આપેલ તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

નાલાસોપારા-વિરાર માં શ્રી સંજયભાઈ બગડીયા પણ કમિટી સભ્ય ન હોવા છતાં એ ઇનામી વિતરણમાં બહુમાન ના કવર તેમની દુકાનેથી આપીને મંડળને ખૂબ જ સુંદર સાથપ્રકાર આપેલ તે બદલ મંડળ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

નોટબુક વિતરણ વર્ષ ૨૦૨૬ માં આપણા મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા સભ્ય પરિવારનો વિદ્યાર્થીઓને નોટબુક આપવામાં આવશે જેનું બુકિંગ ઓનલાઇન મંડળની વેબસાઈટ ઉપર કરવાનું રહેશે. દરેક વિદ્યાર્થી દીઠ ફક્ત બે ડઝન નોટબુકનું બુકિંગ લેવામાં આવશે તારીખ ૧-૪-૨૬ થી ૩૦-૪-૨૬ સુધી ઓનલાઈન બુકિંગ કરી શકાશે

નોટબુક આપવાની તારીખ ૨૪-૫-૨૦૨૬ અને તારીખ ૩૧-૫-૨૦૨૬ ના રોજ બન્ને રવિવાર દરેક સેન્ટર ઉપરથી આપવામાં આવશે નોટબુક વિશે વિશેષ જાણકારી માટે શ્રી મનીષભાઈ એસ. શાહનો : ૮૭૭૯૭૮૫૬૮૮ ઉપર સંપર્ક કરવો જેને માઈનોરીટી સર્ટિફિકેટ : જે વિદ્યાર્થીઓને માઈનોરીટી સર્ટિફિકેટ ની જરૂર હોય તેઓ એ મંડળના વેબસાઈટ ઉપર જઈ ઓનલાઈન અરજી કરી શકાશે. તેના માટે વિશેષ જાણકારી જોઈતી હોય તો, શ્રી કેતનભાઇ શાહનો : ૯૩૨૪૬૩૧૭૫૬ અથવા શ્રી મિતેશભાઇ શાહનો : ૯૮૨૦૮૯૨૩૯ સંપર્ક કરી શકાશે.

નોટબુક આપવાની તારીખ ૨૪-૫-૨૦૨૬ અને તારીખ ૩૧-૫-૨૦૨૬ ના રોજ બન્ને રવિવાર દરેક સેન્ટર ઉપરથી આપવામાં આવશે નોટબુક વિશે વિશેષ જાણકારી માટે શ્રી મનીષભાઈ એસ. શાહનો : ૮૭૭૯૭૮૫૬૮૮ ઉપર સંપર્ક કરવો જેને માઈનોરીટી સર્ટિફિકેટ : જે વિદ્યાર્થીઓને માઈનોરીટી સર્ટિફિકેટ ની જરૂર હોય તેઓ એ મંડળના વેબસાઈટ ઉપર જઈ ઓનલાઈન અરજી કરી શકાશે. તેના માટે વિશેષ જાણકારી જોઈતી હોય તો, શ્રી કેતનભાઇ શાહનો : ૯૩૨૪૬૩૧૭૫૬ અથવા શ્રી મિતેશભાઇ શાહનો : ૯૮૨૦૮૯૨૩૯ સંપર્ક કરી શકાશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – અંધેરી

અંધેરી ઝાલાવાડ મહિલા મંડળ નો આગામી કાર્યક્રમ વાર્ષિક દિવસનિમિત્તે પંચકલ્યાણક પૂજા સહિત જમણવાર ચૈત્ર વદ-૬, તા. ૮-૪-૨૬ ને બુધવારે નીચેના સ્થળે નક્કી કરેલ છે. અને ૨૦૨૫સુધીના આજીવન સભ્યોને લ્હાણું પણ એજ દિવસે કરવામાં આવનાર છે. દરેક મેમ્બરોને સભ્ય કાર્ડ સાથે લાવવું જરૂરી છે. જમણવાર હોવાથી રૂ। ૧૦૦/- ભરી નજીકની કમિટીબહેનો પાસેથી પાસ મેળવી લેવા જરૂરી છે.

આ પાસ ૨૧ થી ૩૧ માર્ચ સુધીમાં લઈ લેવા જરૂરી છે. .

પૂજા નું સ્થળ : આચલ ગચ્છ મલ્લિનાથ જૈનમંદિરસ, હરદેવી સોસાયટી, કે... રોડ, જોગેશ્વરી ઈસ્ટ, પૂજા ટાઈમ : સવારે ૧૦:૩૦ કલાકે પૂજા પાસ માટેનું સ્થળ અને ટાઈમ.

અંધેરી ઈસ્ટ : કેતકીબેન શાલીભદ્રભાઈ તથા મીનાબેનઅતુલભાઇ :૧૧:૦૦ થી ૨ સાંજે ૪:૦૦ થી ૬

અંધેરી વેસ્ટ : કલ્પિતાબેન સવારે ૧૧:૦૦ થી ૨

અગત્યની નોંધ :

આપણા મંડળની સ્થાપના થયાને ૩૫ વર્ષ વીતી ગયા છે. જેથી કરીને ઘણા મેમ્બરોએ વિદાય લઈ લીધી છે. ઘણાના એડ્રેસ બદલાઈ ગયા છે. જેથી કરી એક નવું રજીસ્ટર બનાવવાનું જરૂરી થયેલ છે. આ નવીનીકરણ કરવા દરેક આજીવન સભ્યોએ રૂ।. ૨૦૦/- મેમ્બરફી અને રૂ।.૫૦/- ઓળખ પત્ર (ફોટાસાથે) બનાવવાના બન્ને મણી ને રૂ।. ૨૫૦/- કરીને ભરવાના રહેશે, સાથે એડ્રેસ અને પાસપોર્ટ સાઇઝનો ફોટો આપવાનો રહેશે, આ રીન્યુઅલ કરનાર ના સભ્યપદ ચાલુ રહેશે ૨૦૨૬ ના માં નવા મેમ્બર બનાવવા માટે રૂ।. ૫૦૦/- મેમ્બર ફી+ રૂ।.૫૦/- દાખલ ફી રૂ।.+ ૫૦/- ઓળખ પત્રના એમ કુલ રૂ।. ૬૦૦/- ભરવાના રહેશે ૨૦૨૫ સુધીના જે મેમ્બરો છે તેઓએ લ્હાણું આપવામાં આવશે. આ બધાનો સહકાર એ જ અમારું પીઠબળ આપ પધારો એ જ મંડળની અનેરી શોભા.

વિશેષ માહિતી મોબાઈલ દ્વારા પણ મળશે.

# વર્ષો સુધી સંઘને અમૂલ્ય સેવાઓ આપેલ મૂકસેવક

## શ્રી ધીરુભાઈ મણીલાલ શેઠ



આપણા સંઘમાં ઘણા વર્ષો સુધી કાર્યવાહક કમિટી માં સેવા આપ્યા પછી બે ટર્મ (છ વર્ષ) સુધી મંત્રી તરીકે સેવાઓ આપ્યા બાદ સ્વેચ્છાએ પદાધિકારી તરીકે નિવૃત્તિ લીધેલ, મંત્રીપદ છોડ્યા બાદ શ્રીસંઘ માં કેળવણી સહાય સમિતી ના કન્વીનર તરીકે અનેરી સેવા પ્રદાન નું કાર્ય કરેલા શ્રી ધીરુભાઈ મણીલાલ શેઠ વઢવાણ ના સેવાભાવી માતુશ્રી સમતાબેન પિતાશ્રી ડો.મણિલાલ જયચંદભાઈ શેઠના સુપુત્ર છે.

ખૂબજ ઓછું બોલવું અને કાર્યકર્તા રહેવું તે તેમના જીવનનો એક મંત્ર બનાવેલો. તેઓ શ્રી ‘મેટાસેફ’ ટ્રેડિંગ નામની વેલ્ડીંગ ને લાગતા મશીન, કેબલ, એસેસરીઝ તથા સેફ્ટી ઈક્વિપમેન્ટ ના ધંધામાં સારી નામના પ્રાપ્ત કરેલ. શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-ઘાટકોપર માં વિવિધ પદ પર રહી સેવા આપ્યા બાદ પ્રમુખ તરીકે મંડળને ખૂબજ પ્રસંસનીય સેવાઓ આપેલ છે. અને ટ્રસ્ટી પદે રહી સેવાઓ પ્રદાન કરેલ.

અનુભવ જ્ઞાન અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાઓ સાથે ઝાલાવાડ સંઘ અને મંડળ સિવાય શ્રી વઢવાણ મિત્ર મંડળ-મુંબઈ કારોબારી સભ્ય-મંત્રી અને ઉપ-પ્રમુખ તરીકે સક્રિય સેવાઓ આપ્યા બાદ હાલ નિવૃત્તિનાં આનંદ સાથે ‘કલ્યાણ’ માસિક મુખ પત્રના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. તેમજ વઢવાણ સોશિયલ ગ્રુપમાં ઘણા વર્ષો સુધી વિવિધ પદ પર રહી સેવાઓ આપેલ.

તેઓની શિક્ષણ ક્ષેત્રે ઉજવળ કારકિર્દી રહેલ છે. બી.એ., બી.કોમ. કર્યા બાદ એલ.એલ.બી. કરેલ છે. આપણા શ્રી સંઘમાં બંધારણીય જવાબદારીઓ ખૂબ જ સારી રીતે સંભાળેલ છે. લાયન્સ ક્લબ વિદ્યાવિહાર માં સક્રિય કર્મઠ સેવાભાવી એ કરેલ કાર્યોની સેવાની નોંધ લઈ તેની અનુમોદના કરતા આનંદ અનુભવીએ છીએ. પ્રભુ પરમાત્મા તેમને તંદુરસ્તીભર્યુ દિર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના.

## જન્મ દિવસની શુભેચ્છા



શ્રી મુગટલાલ માણેકલાલ શાહ
૨- એપ્રીલ



શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
૧૦- એપ્રીલ



શ્રી નિલેશભાઈ અનોપચંદ શાહ
૨- એપ્રીલ

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલીત શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ - પાલીતાણા
### ધજારોહણ અને યાત્રિકભવન વર્ષગાઠ મહોત્સવ ની તસ્વીરની ઝલક



લાભાર્થી પરિવાર મહેમાનોનો હાદેદારો ટ્રસ્ટી શ્રી સામૈયામાં ઉપસ્થિત .



લાભાર્થી પરિવારોની આમંત્રિત બહેનો



લાભાર્થી પરિવારોની આમંત્રિત ભાઈઓ



લાભાર્થી પરિવારના શ્રી મહેન્દ્રભાઈ નું કુમકુમ તિલકથી સ્વાગત



વર્ષીતપના તપસ્વી ભાઈઓ-બહેનો.



સૂર્યદર્શન કરાવતા લાભાર્થી શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ.



૧૦૮ દિપકની પ્રભુજીની આરતી ઉતારતા લાભાર્થી પરિવાર .

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલીત શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ - પાલીતાણા
## ધજારોહણ અને યાત્રિકભવન વર્ષગાઠ મહોત્સવ ની તસ્વીરની ઝલક



૧૮ અભિષેક પૂજાના લાભાર્થી પરિવાર.



૧૮ અભિષેકમાં વાસક્ષેપ થી ધ્વજાને અભિમંત્રીત કરે છે.



મસ્તક ઉપર ધ્વજા લઈને આવતા લાભાર્થી પરિવાર બહેનો.



ધ્વજાના દર્શન કરાવતા લાભાર્થી પરિવાર.



ધ્વજાના રોહણ કરતા પહેલ દર્શન કરાવતા લાભાર્થી પરિવારો.



ધ્વજાના રોહણ બાદ લાભાર્થી પરિવાર સભ્યો.



શ્રી મંગળ દીવો ઉતારતા શ્રીમતી ફાલ્ગુની હરનીશ શાહ.



શ્રી જિનાલયમાં આરતી ઉતારતા શ્રીમતી વર્ષા કુમારભાઈ શાહ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલીત શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ - પાલીતાણા
## ધજારોહણ અને યાત્રિકભવન વર્ષગાઠ મહોત્સવ ની તસ્વીરની ઝલક



ભોજન લાભાર્થી શ્રીમતી કોમીલા મહેન્દ્રભાઈ શાહ નું
બહુમાન શ્રીમતી ઈલા જયેન્દ્રભાઈ શાહ કરે છે.



ભોજન લાભાર્થી શ્રીમતી ભામીનીબેન દિલીપભાઈ નું
બહુમાન શ્રીમતી કલ્પના પ્રકાશભાઈ શાહ કરી રહ્યા છે.



ભોજન લાભાર્થી શ્રીમતી કલ્પના પ્રકાશભાઈ શાહનું બહુમાન
શ્રી મુકેશભાઈ શાહ અને શ્રીમતી હેમાબેન ગાંધી કરે છે.



લાભાર્થી પરિવાર સાથે સંઘ પ્રમુખશ્રી અને ચેરમેન અપેક્ષ.



લાભાર્થી પરિવાર ના શ્રીમતી અને શ્રી હેમેન્દ્રભાઈ શ્રીમતી કોમીલાબેન
મંત્રીશ્રી ગીરીશભાઈ શાહ અને મંત્રીશ્રી નિલેશભાઈ શાહ



લાભાર્થી પરિવાર સાથે સગા કુટુંબજનો સાથે પી.આર.ઓ.
શ્રી દિપકભાઈ ગાંધી, દેવાંશી કેતનભાઈ શાહ અને શૈલેષભાઈ શાહ.



રાત્રે ભક્તિ ભાવના ભક્તિગીત માણતા ટ્રસ્ટીશ્રી, હોદેદારો, લાભાર્થી પરિવાર મહેમાનો.



શ્રી વસંતભાઈ પરેખ અને શ્રી હર્ષદભાઈ પરેખ નું બહુમાન કરતા
ચેરમેન અપેક્ષ શ્રી દિલીપભાઈ શાહ. અને ઉપપ્રમુખ મુકેશભાઈ શાહ

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલીત શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ - પાલીતાણા
## ધજારોહણ અને યાત્રિકભવન વર્ષગાઠ મહોત્સવ ની તસ્વીરની ઝલક



લાભાર્થી પરિવાર ના શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ સાથે સગા કુટુંબીજનો .




લાભાર્થી પરિવાર શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ સાથે ટ્રસ્ટી સમાજ ગૌરવ શ્રી અરવીંદભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી કુમારભાઈ શાહ




લાભાર્થી પરિવાર સાથે કુટુંબીઓ અને સગા સંબંધી .



સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ .



સંઘ મંત્રી શ્રી ગીરીશભાઈ શાહ.



ચેરમેન અપેક્ષ શ્રી દિલીપભાઈ શાહ.



લાભાર્થી શ્રી મહેન્દ્રભાઈ શ્રી સંઘનો આભાર વ્યક્ત કરી પ્રતિસાદ આપે છે.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ (સાયન -માટુંગા-વડાલા-દાદર)૪૧ માં વાર્ષિક કાર્યક્રમની તસ્વીરની ઝલક



મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદભાઈ શાહ સ્વાગત પ્રવચન આપી રહ્યા છે.



દિપ પ્રાગટ્ય કરી રહ્યા છે.



પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ ને શ્રી સંઘે સમાજ રત્ન બિરૂદ આપ્યું છે
તે બદલ મંડળના પદધિકારીઓ તથા કમિટી સભ્યો બહુમાન કરી રહ્યા છે.



પ્રેક્ષક વર્ગ હાસ્ય કલાકારને માણી રહ્યા છે .



શ્રી સમાજગૌરવ શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ નું બહુમાન
મંડળના ખજાનચી શ્રી કમલેશભાઈ જયંતભાઈ શાહ કરે છે.



તપસ્વી બહુમાન દાતા પરિવાર શ્રીમતી શારદાબેન કિશોરભાઈ તપસ્વીઓનું
લકી ડ્રો વિજેતા ને ઈનામ આપી રહ્યા છે.



ધાર્મિક શિક્ષણના દાતા પરિવારના શ્રી કમલેશભાઈ એમ.પારેખનું
બહુમાન મંત્રી શ્રી વિજયભાઈ દોશી કરી રહ્યા છે.



શ્રી સંઘના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ યુ.શાહ નું બહુમાન
શ્રી કેતનભાઈ ઝવેરી કરે છે.



મંડળ પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, સંઘ ટ્રસ્ટીશ્રી વિદ્યાર્થીને પારિતોષીક આપી રહ્યા છે.



મંત્રી શ્રી નીતિનભાઈ નૌશાદભાઈ નું બહુમાન કરી રહ્યા છે.



વાર્ષિક કાર્યક્રમના મુખ્ય દાતા પરિવારના શ્રી હર્ષદભાઈ ખીમચંદ શાહનું
બહુમાન શ્રી નરેશભાઈ ગાંધી કરી રહ્યા છે.



શ્રી સંઘના ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ કે. શાહનું બહુમાન
શ્રી નીતિનભાઈ શાહ કરે છે.



સહાયકદાતા પરિવારના શ્રી નરેશભાઈ સી.ગાંધી નું બહુમાન
શ્રી ધીરૂભાઈ સંઘવી કરે છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ (સાયન -માટુંગા-વડાલા-દાદર)૪૧ માં વાર્ષિક કાર્યક્રમની તસ્વીરની ઝલક



મંત્રી શ્રી વિજયભાઈ અનંતરાય દોશી
કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા છે.



શ્રી નૌશાદભાઈ કોરડીયા હાસ્ય કલાકાર.



મંત્રી શ્રી નીતિનભાઈ સુરેશભાઈ શાહ
કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા છે.



ઉપપ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ શાહ પ્રમુખશ્રી દ્વારા મંડળ તથા
શ્રીસંઘમાં આપેલ સેવા તથા કાર્યોની જાણકારી આપી રહ્યા છે.



પ્રમુખશ્રી દિલીપભાઈ સાથે મંડળ તથા યુવા મંડળના સભ્યો



મંડળના દાતા પરિવાર તથા ઉપસ્થિત મહેમાનો.



પ્રેક્ષક વર્ગ હાસ્ય કલાકારને માણી રહ્યા છે.



યુવા મંડળના પ્રમુખ શ્રી મનીષભાઈ બગડીયા કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા છે.



મુખ્ય દાતા તથા તપસ્વી બહુમાન દાતા પરિવાર શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહ નું
બહુમાન શ્રીમતી ભામિનિ બેન દિલીપભાઈ શાહ કરે છે.



શ્રી સંઘ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ વી. શાહનું બહુમાન
યુવા મંડળ પ્રમુખ શ્રી મનીષભાઈ બગડીયા કરે છે.



મુખ્ય દાતા પરિવારના શ્રી રૂપેશભાઈ દિલીપભાઈ શાહ નું
બહુમાન ઉપપ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ  શાહ કરે છે.



વિદ્યાર્થી પારિતોષીકના દાતા પરિવારના શ્રી દેવાંશ શરદભાઈ બાબરીયા
સાક્ષીબેન મિતીષ શાહ વિદ્યાર્થીને પારિતોષીક આપી રહ્યા છે.



શ્રી સંઘના પદાધિકારી તથા આવેલા મહેમાનોનું બહુમાન મંડળના કમિટી સભ્યો કરી રહ્યા છે.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ -અંધેરી ૪૬ મો વાર્ષિક કાર્યક્રમ ની તસ્વીરી ઝલક



ભાજપ શહેર પ્રમુખ એમ.એલ.એ.શ્રી અમિત શાટમજી નું બહુમાન મંડળ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ કહી રહ્યા છે.



મંડળના પ્રમુખ શ્રી મંચસ્થ પધારેલા અતિથી મહાનુભાવો મંડળના પદાધિકારીઓ સાથે.



મંડળ પ્રમુખશ્રીનું સ્વાગત.




મંડળ પ્રમુખશ્રી શ્રીમતી નું બહુમાન સાથે મંચસ્થ મહાનુભવો-મંડળ પદાધિકારીઓ.



દિપ પ્રાગટ્ય માં પ્રમુખ શ્રી આમંત્રિત મહેમાનો.




મંત્રીશ્રી દર્શનભાઈ અને મંત્રીશ્રી નિશીથ શાહ.



હાસ્ય કલાકાર શ્રી નૌશાદ કોટડીયા.



કાર્યક્રમનો આનંદ માણતા મંડળની બહેનો.




પ્રમુખશ્રી મંડળ નો પરિચય પ્રવૃત્તિની જાણકારી.



ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ કાર્યક્રમનું સંચાલન કરે છે.




મંત્રીશ્રી શૈલેષભાઈ શાહ માહિતી આપે છે.



સ.ર.શ્રી ચીનુભાઈ પ્રતિસાદ આપે છે.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ -અંધેરી ૪૬ મો વાર્ષિક કાર્યક્રમ ની તસ્વીરી ઝલક



શ્રીસંઘ ચેરમેન અપેક્ષ શ્રી દિલીપભાઈ નું બહુમાન
શ્રી મુગટભાઈ,શ્રી અતુલભાઈ,શ્રી શૈલેષભાઈ કરેછે.



શ્રી મુગટભાઈ નું બહુમાન કરતા
મંત્રીશ્રી દર્શનભાઈ અને નિશીથભાઈ.



અતિથિ વિશેષ શ્રી રાજેશભાઈ ગાંધીનું બહુમાન
કરતા શ્રી અતુલભાઈ પરીખ અને શ્રી કિરણભાઈ શાહ.



મંડળની ૨૫મી વર્ષની સેવા બદલ શ્રીમતી જશ્મીન અને
શ્રી કિરણભાઈ શાહ પરિવારનું બહુમાન સ.ર. શ્રી ચિનુભાઈ.



પ્રતિસાદ આપતા શ્રી કિરણભાઈ શાહ.



૩૫ વર્ષની સેવા બદલ શ્રી દિપકભાઈ ગાંધી
પરિવાર સાથે ઢોલી ના નાદથી સ્વાગત.



શ્રીમતી હેમા દીપકભાઈ ગાંધી સુપુત્ર વિરાજ-સુપુત્રી સોનલ સર્વેનું મોમેન્ટો સાથે બહુમાન.



શ્રી દીપકભાઈ ગાંધી પરિવારના સુપુત્ર શ્રી વિરાજ ગાંધી
મંડનો આભાર સાથે પ્રતિસાદ આપી રહ્યા છે.



સ.ર. શ્રી ચીનુભાઈ નું બહુમાન કરતા અંધેરી મંડળના પદાધિકારીઓ.



આવતા વર્ષ યાત્રા પ્રવાસના પરિવાર સાથે સંઘપતિ શ્રીઓ.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ અંધેરીનાં વાર્ષિક કાર્યક્રમમાં અંધેરી મંડળનાં ત્રણ વિભૂતિઓનું ઉમદા ઉત્કૃષ્ટ સન્માન

તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ રવીવારનાં રોજ જુહુ ખાતે યોજાયેલ ઝાલાવાડ મંડળ અંધેરીનાં વાર્ષિક કાર્યક્રમમાં અંધેરી મંડળનાં ઉદાત સેવાભાવી નીચેનાં ત્રણ વિભૂતિઓનું ખૂબ જ સુંદર અને આગવું વિશિષ્ટ સન્માન - બહુમાન કરવામાં આવ્યું હતું.

## સરળ, સહજ અને સૌમ્ય વ્યક્તિત્વ શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ



શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ, એક એવું વ્યક્તિત્વ કે એકવાર તેમને મળીએ એટલે તેઓની સરળતા, સૌમ્યતા, સૌજન્યતાની સ્પર્શના અચૂક થાય. જીવન વ્યવહારમાં કોઈ આક્રોશ નહિ, કોઈ અણગમો નહિ, કયારેય કોઈનાં તરફથી તેમનું ઔચિત્ય ન જળવાય કે કયારેય તેઓને કોઈ અન્યાય થાય તો પણ તેને સહજતાથી લેવાની તેમની સ્વભાવ કૌશલ્યતા અદ્‌ભુત છે

શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ લગભગ છેલ્લા ૩૫ વર્ષથી શ્રી ઝાલાવાડ અંધેરી મંડળમાં અવિરતપણે સેવાઓ આપતા રહયાં છે. તેમજ છેલ્લા ૧૪ વર્ષથી એટલે કે છેલ્લી ત્રણ ટર્મથી સતત આ મંડળનાં **પ્રમુખ પદે** રહીને સબળ નેતૃત્વ પુરૂં પાડીને તેઓ ઉમદા સેવાઓ આપી રહયાં છે. હાલમાં તેઓ શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ.સંઘ મુંબઈનાં **પ્રમુખ પદે** નિયુક્ત થયેલ છે. તેમજ ઝાલાવાડ ફાઉન્ડેશનમાં **વાઈસ ચેરમેન પદે** પણ સેવાઓ આપી રહયાં છે, આમ ત્રણ ત્રણ પદોને શોભાવતા, એક ત્રિવેણી સેવા સુગંધથી તેઓનું વ્યક્તિત્વ મહેક્તું રહયું છે. જે અંધેરી મંડળનાં ૩૦૦ થી વધારે પરિવારો માટે ગૌરવ સમાન છે.

છેલ્લા એક દાયકાથી શ્રી મહેન્દ્રભાઈ શાહનાં નેતૃત્વમાં અંધેરી મંડળે વિકાસને વેગવંતો બનાવીને સફળતાનાં અનેક શિખરો સર કરેલ છે. તેઓનાં અને મંડળનાં સદ્‌સ્યોનાં અથાગ પ્રયત્નોએ શ્રી સંઘમાં - સમગ્ર મુંબઈનાં મંડળોમાં, આજે અંધેરી મંડળની એક આગવી સર્વોપરી ઈમેજ અંકિત થયેલ છે. શ્રી સંઘ અને ફાઉન્ડેશનની સ્વતંત્ર ઓફીસ થાય તે માટે અનુદાન આપવામાં અને અંધેરી મંડળનું સૌથી વધારે રકમનું અનુદાન એકત્રિત કરવામાં શ્રી મહેન્દ્રભાઈ શાહનો સિંહફાળો રહયો છે.

આજના આ ગૌરવ ભર્યા પ્રસંગે અંધેરી મંડળનાં સભ્ય પરિવારજનોએ ઢોલ નગારાનાં નાદે, તાળીઓનાં તાલે અને ગડગડાટ સાથે, સ્ટેન્ડીંગ ઓવેશન આપી શ્રી મહેન્દ્રભાઈ શાહ અને તેમના પરિવારને હર્ષો ઉલ્લાસથી આવકાર આપેલ. તેમજ શ્રી મહેન્દ્રભાઈ શાહની સેવાઓને બિરદાવતા સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિમતલાલ શાહ, સમાજગૌરવ શ્રી અરવિંદભાઈ શાહ, શ્રી મુગટભાઈ શાહ, શ્રી સી. વી. શાહ તેમજ અન્ય શ્રેષ્ઠીઓનાં વરદ્ હસ્તે શ્રી મહેન્દ્રભાઈ શાહનું ખુબ જ **ઉમદા અને ઉત્કૃષ્ટ બહુમાન** કરવા આવ્યું હતું. તેમજ એક સુંદર **કલાકૃત ટ્રોફી** અર્પણ કરી તેઓનું સન્માન કરવામાં આવેલ.

## બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વ શ્રી કિરણભાઈ કાંતિલાલ શાહ



ઝાલાવાડ સમાજમાં પ્રભાવી, પ્રતિભાશાળી સાથે એક ઉભરતા વ્યક્તિત્વની આગવી પહેચાન જેઓની સ્થાપિત થયેલ છે, એવા શ્રી કિરણભાઈ કાંતિલાલ શાહ ઝાલાવાડની લગભગ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. અન્ય સંસ્થાઓ તેમજ શ્રી સંઘનાં ઘણા બધા વિભાગોમાં પદ - હોદ્દાઓ ઉપરની જવાબદારીઓ સંભાળીને તેઓ ઉમદા સેવાઓ પ્રદાન કરી રહયાં છે. ઝાલાવાડ અંધેરી મંડળમાં વર્ષ ૨૦૦૮થી

કારોબારી કમીટી મેમ્બરથી જોડાયેલા તેઓ હાલમાં ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહયાં છે. દરેક સંસ્થામાં તેઓ તન, મન અને ધનથી સહયોગ આપતા રહયાં છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ માં અંધેરી મંડળનાં પ્રતિનિધિ તરીકે શ્રી સંઘમાં કમીટી મેમ્બર્સ તરીકે તેઓએ સેવાઓ આપેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં શ્રી સંઘ આયોજીત ''પદ પ્રદાન સમારોહ'' આ ગ્રાન્ડ ઈવેન્ટને સફળ બનાવવામાં સૌની સાથે સક્રિય રસ લઈને કિરણભાઈએ મહત્વનો ભાગ ભજવેલ હતો. તેઓની સેવા - પ્રતિભાને લક્ષમાં લેતા આ વર્ષે શ્રી સંઘમાં તેઓ **ઉપપ્રમુખ** તરીકે નિયુક્ત થયેલ છે.

ઝાલાવાડ ફાઉન્ડેશનમાં છેલ્લી બે ટર્મથી તેઓ ટ્રેઝરર તરીકે સેવાઓ પ્રદાન કરી રહયાં છે. ફાઉન્ડેશનની પ્રવૃતિઓને ડિજીટલ કરવા સાથે નવા એપ્લીકેશન ફોર્મ, લેપટોપ વિતરણ વગેરે પ્રવૃતિઓમાં તેઓનાં મહત્વનાં સહયોગ સાથે યોગદાન પણ રહયું છે. ઝાલાવાડ બિઝનેશ ફોરમની સ્થાપનાથી તેઓએ ફાઉન્ડર મેમ્બરથી જોડાઈને સેક્રેટરી તરીકે અને હાલમાં **વાઈસ ચેરમેન** તરીકે સેવાઓ આપી રહયાં છે. ઝેડ.બી.એફ. આયોજીત ગોરેગાવ ટ્રેડફેરમાં શ્રી કિરણભાઈની કન્વીનર તરીકે મહત્વની સફળ ભૂમિકા રહી હતી. ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાં પણ તેઓ ફાઉન્ડર મેમ્બર, ટ્રેઝરર અને હાલમાં **સેક્રેટરી** તરીકે સેવાઓ આપી રહયાં છે. શ્રી વિરા દેશાઈ જૈન સંઘ અંધેરીમાં છેલ્લા ૧૦ થી વધુ વર્ષોથી ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. તેઓનાં વતન બોટાદની ઘણી સંસ્થાઓમાં સક્રિય રહી કાર્ય કરી રહયાં છે.

